નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૨/૧૨૯૮૫ — તા. ૨૬/૦૪/૨૦૨૨

**પરિપત્ર-૨૬૬૭**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાના ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય પી. જી. કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે, સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની સેમેસ્ટર-૫ તથા અનુસ્નાતક કક્ષાના અને બી.એડ. અભ્યાસક્રમના સેમેસ્ટર-૩ ની ખાસ કિસ્સામાં લેવાનાર માત્ર લેખિત પુરક પરીક્ષાના પરીક્ષા આવેદન પત્રો નીચે દર્શાવેલ સૂચનાઓ અને તારીખ મુજબ ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા જરૂરી કાર્યવાહી કરવા વિનંતી.

| Sr | Course | Semester | Exam Fee + Form Fee | Last Date to Submit Exam Form With Regular Fees |
|---|---|---|---|---|
| 1. | B. A | 5 | 500 | 05/05/2022 |
| 2. | B.Com. | 5 | 500 | 05/05/2022 |
| 3. | B.SC. | 5 | 500 | 05/05/2022 |
| 4. | LL.B. | 5 | 500 | 05/05/2022 |
| 5. | B.C.A. | 5 | 750 | 05/05/2022 |
| 6. | B.S.W. | 5 | 750 | 05/05/2022 |
| 7. | B.B.A | 5 | 750 | 05/05/2022 |
| 8. | B.Ed. | 3 | 750 | 05/05/2022 |
| 9. | M.A | 3 | 750 | 05/05/2022 |
| 10. | M.Com | 3 | 750 | 05/05/2022 |
| 11. | M.S.W. | 3 | 750 | 05/05/2022 |
| 12. | M.Ed. | 3 | 750 | 05/05/2022 |
| 13. | LL.M | 3 | 750 | 05/05/2022 |
| 14. | M.Sc. | 3 | 1000 | 05/05/2022 |

પરીક્ષા આવેદનપત્ર ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા સંબંધિત સૂચનાઓ :

(૧) સ્નાતક અભ્યાસક્રમમાં જે વિદ્યાર્થીઓ સેમેસ્ટર-૧ થી સેમેસ્ટર-૪ માં પાસ હોય અને માત્ર સેમેસ્ટર-૫ માં નાપાસ હોય તેવા વિદ્યાર્થીઓના સેમેસ્ટર-૫ ના માત્ર લેખિત પરીક્ષાના આવેદન પત્રો કોલેજે ભરવાના રહેશે.

(૨) અનુસ્નાતક તથા બી.એડ. અભ્યાસક્રમમાં જે વિદ્યાર્થીઓ સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૨ માં પાસ હોય અને માત્ર સેમેસ્ટર-૩ માં નાપાસ હોય તેવા વિદ્યાર્થીઓના સેમેસ્ટર-૩ ના માત્ર લેખિત પરીક્ષાના આવેદન પત્રો કોલેજે ભરવાના રહેશે.

(૩) સંબંધિત કોલેજોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ પરીક્ષા આવેદનપત્ર ઓનલાઈન ભરી વેરીફાઈ કરવાના રહેશે.

(૪) પરીક્ષા આવેદનપત્રના ચેકલીસ્ટમાં સંબંધિત વિદ્યાર્થી પાસે ખરાઈ કરાવી તેમાં તેમની સહી કરાવવાની રહેશે.

(૫) વિદ્યાર્થીએ સહી કરેલ પરીક્ષા આવેદનપત્રના ચેકલીસ્ટ પર સંબંધિત કૉલેજના આચાર્યશ્રીએ ખરાઈ કરી પોતાની સહી અને સિક્કા કરવાના રહેશે.

(૬) પરીક્ષા આવેદન પત્રની જરૂરી ફી પોર્ટલમાં વેરીફાઈડ કરેલ ફોર્મના આધારે સોફ્ટવેર દ્વારા દર્શાવેલ રકમ પોર્ટલમાં દર્શાવેલ ડીજીટલ ગેટવે અથવા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામિનેશન, ગોધરાના એક્સીસ બેંકના ખાતા નં.918010086166147 (IFSC CODE: UTIB0000264 MICR: 389211002) માં NEFT/RTGS થી ભરવાની રહેશે.

(૭) આચાર્યશ્રી અને વિદ્યાર્થી દ્વારા ખરાઈ થયેલ પરીક્ષા આવેદનપત્રનું ચેકલીસ્ટ, નિયત પરીક્ષા ફી ની ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટની નકલ/ફી ભર્યાની રીસીપ્ટ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ ચેકલીસ્ટ રીપોર્ટ તા.૧૨/૦૫/૨૦૨૨ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયમાં ૨ (બે) કોપીમાં રૂબરૂમાં જમા કરાવવાનો રહેશે.

| રૂ. ૧૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ | રૂ. ૨૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર ભરવાની છેલ્લી તારીખ | રૂ. ૫૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર ભરવાની છેલ્લી તારીખ | રૂ. ૧૦૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર ભરવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| રેગ્યુલર ફી + રૂ. ૧૦૦/- તા.૦૬/૦૫/૨૦૨૨ | રેગ્યુલર ફી + રૂ. ૨૦૦/- તા.૦૭/૦૫/૨૦૨૨ | રેગ્યુલર ફી + રૂ. ૫૦૦/- તા.૦૯/૦૫/૨૦૨૨ | રેગ્યુલર ફી + રૂ. ૧૦૦૦/- તા.૧૦/૦૫/૨૦૨૨ |

(૮) યુનિવર્સિટી ખાતે ચેકલીસ્ટ મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા- વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ.

(૯) કોલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે પરીક્ષા ફોર્મ અર્થે મોકલવા નહિ, જેની ખાસ નોંધ લેવી.

નોંધ :

- જે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાંથી FAEC મેળવ્યું નહી હોય તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદન પત્રો ભરી શકાશે નહી. FAEC મેળવ્યા બાદ જ સંબંધિત વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદન પત્ર ભરી શકાશે.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાના ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય પી. જી. કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.